ISSN: 2249-894X IMPACT FACTOR : 5.2331(UIF) VOLUME - 6 | ISSUE - 11 | AUGUST - 2017

REVIEW OF RESEARCH

# CONTRIBUTION IN PEACE EDUCATION




**Dr. Rohit C. Patel**
**Lecturer, District Institute of Training And Education Navsari.**

**Research Abstract**

ગુફાથી શરૂ કરેલી માનવયાત્રા આજે બ્રહ્માંડ સુધી વિસ્તરી રહી છે. આ બધામાં જો મહત્વની ભૂમિકા જો કોઈએ ભજવી હોય તો તે વિજ્ઞાન છે. વિજ્ઞાનની અનેક શોધખોળો માનવ જગત માટે આર્શીવાદરૂપ બની રહી છે. પરંતુ કહેવાય છે ને કે સિક્કાની બે બાજુઓ હોય છે તે જ રીતે વિજ્ઞાનની આર્શીવાદરૂપી શોધખોળોને શ્રાપરૂપ પણ બનાવી દેવામાં આવી છે. માનવ માટે શસ્ત્રો હંમેશા માટે રક્ષણ માટેનું સાધન બની રહયા છે. પરંતુ શસ્ત્રોનું રૂપ સમયે-સમયે બદલાતું રહયું છે. વર્તમાન સમયમાં શસ્ત્રો જેટલા વિનાશક છે. એટલા કોઈ કાળે વિનાશક ન હતાં. વર્તમાન સમયમાં દુનિયામાં જુદા-જુદા દેશો પાસે જે શસ્ત્રો છે. તેના પરથી લાગે છે કે માનવી મોતનો સામાન સાથે લઈને ફરે છે અને મરવા માટે જાણે ઉતાવળીયો બન્યો હોય. શાંતિ માટેની કેળવણી એ માનવના અસ્તિત્વની ખોજ છે. તેની આધ્યાત્મિક યાત્રા છે. માનવ જાતિના અસ્તિત્વ સામે જે પડકારો ઉભા થયા છે તે પડકારોને પહોંચી વળવા માટેની કિલ્લેબંધી એટલે શાંતિ માટેનું શિક્ષણ. વિશ્વમાં શાંતિ માટેના શિક્ષણ આપનાર છે તે માત્ર શિક્ષકો જ નહિ પરંતુ સમાજ સુધારકો , સેવકો , ધર્મગુરુઓ, વૈજ્ઞાનિકો, સરકાર, સામાજિક સંસ્થાઓ , કલાકારો, રમતવીરો વગેરે બધાનો જ ફાળો અનિવાર્ય છે.વિશ્વની અંદર શાંતિ માટે જાળવા માટેની જવાબદારી કોઈ એક જાતિ,વર્ગ, કોમ, ધર્મ, સમાજ કે દેશની નથી પરંતુ પૃથ્વી પર રહેલ દરેક માનવીની છે. તે જ રીતે શાંતિ માટેના શિક્ષણની જવાબદારી તે માત્ર શાળા કે કોલેજો પૂરતી ન રહેતા દરેકે દરેક ની છે. આ જવાબદારી દરેક વ્યકિત નિભાવે તો આવનારા ભવિષ્યમાં શાંતિ સ્થપાય તેવા સંજોગો સ્થાપી શકાય.

## પ્રસ્તાવના :-

માનવીએ ગૂફામાંથી શરૂ કરેલી પોતાની જીવનયાત્રા નિરંતરપણે ચાલી રહી છે. તેમાં સમયે-સમયે અનેક પરિવર્તનો આવતા રહયા છે. પાષણયુગ પથ્થરયુગ તરીકે ઓળખાતો જેમાં માનવીના જરૂરિયાતના સાધનો પથ્થર કે લાકડામાંથી બનાવતો. સમય પસાર થતા માનવીએ અને ખાસ કરીને વિજ્ઞાને પોતાની જે પ્રગતિ કરી તેનાથી માનવીનાં જીવન-જીવવાની રીતોમાં અનેક મહામૂલા પરિવર્તનો આવ્યા. ગુફાથી શરૂ કરેલી માનવયાત્રા આજે બ્રહ્માંડ સુધી વિસ્તરી રહી છે. આ બધામાં જો મહત્વની ભૂમિકા જો કોઈએ ભજવી હોય તો તે વિજ્ઞાન છે. વિજ્ઞાનની અનેક શોધખોળો માનવ જગત માટે આર્શીવાદરૂપ બની રહી છે. પરંતુ કહેવાય છે ને કે સિક્કાની બે બાજુઓ હોય છે તે જ રીતે વિજ્ઞાનની આર્શીવાદરૂપી શોધખોળોને શ્રાપરૂપ પણ બનાવી દેવામાં આવી છે. માનવ માટે શસ્ત્રો હંમેશા માટે રક્ષણ માટેનું સાધન બની રહયા છે. પરંતુ શસ્ત્રોનું રૂપ સમયે-સમયે બદલાતું રહયું છે.માનવીની એકમાત્ર ઝંખના તે શાંતિની ખોજ છે તેથી શાંતિના શિક્ષણવિષેની ચર્ચા અહી કરવામાં આવી છે.

**શાંતિના શિક્ષણની સંકલ્પનાં :-**

શાંતિ એટલે માનવીના મનની એવી અવસ્થા જેમાં તે સ્થિરતાનો અનુભવ કરતો હોય. મનની સ્થિરતા એટલે કે જેમાં ડરનો અભાવ હોય, ચિંતાનો અભાવ હોય, તણાવથી મુક્ત હોય. બીજા શબ્દોમાં કહીએ તો સરોવરનાં કે તળાવનાં શાંત પાણીની માફક માનવ મન છે. જેમાં પ્રકૃતિની કૃતિ સ્પષ્ટ પણે જોઈ શકાય પરંતુ તેમાં જો હિંસારૂપી કંકર નાંખવામાં આવે તો વમળો પેદા થાય અને પ્રકૃતિની કૃતિ પણ ધુંધલી બને. જેને અશાંતિ કહી શકાય. માનવીનાં મનમાં આવાં વમળો જુદા-જુદા કારણો હંમેશા પેદા થતા રહે છે. દા.ત ધર્મના, સીમાના, સત્તાના ,સર્વોપરીતાનાં, મહાનતાના ,શ્રેષ્ઠતાના વગેરે વિવિધ પ્રકારનાં ઝઘડાઓ નાનાં-મોટા યુદ્ધોને નોંતરે છે અને આ યુદ્ધો માનવીનાં મનમાં વમળો પેદા કરે છે પરિણામ સ્વરૂપ માનવ મન અશાંતિનો અનુભવ કરે છે.

આમ, માનવ આ પ્રકારની સ્થિતિ કેળવે તો તેને શાંતિ પ્રાપ્ત થઈ શકે. આ વાત જેટલી વ્યકિત માટે સાચી છે એટલી જ વિશ્વના મહાપુરુષો માટે સાચી છે.

શાંતિ માટેનું શિક્ષણ એટલે એવા પ્રકારનુ શિક્ષણ કે જેના દ્વારા માનવ બીજાને હાનિ કર્યા સિવાય પોતે જીવી શકે અને અન્યને જીવવા માટે પ્રેરી શકે તેવું શિક્ષણ.

શાંતિનાં શિક્ષણની સંકલ્પનામાં જો કહેવું હોય તો એટલુ કહી શકાય કે "માનવીના મનને સ્થિર અને શાંત કરી શકે તેવા પ્રકારની કેળવણી"

શાંતિ માટેની કેળવણીનો બીજો અર્થ ઘટાવવો હોય તો કહી શકાય કે "વિશ્વમાં એવા પ્રકારની શિક્ષણ વ્યવસ્થા કે જેનાથી વિશ્વમાં યુધ્ધનો અભાવ જોવા મળે."

- શાંતિ માટેનું શિક્ષણ એટલે નિર્ભયતા અને પ્રસન્નતા માટેનું શિક્ષણ
- શાંતિ માટેનું ભાતૃભાવ અને સહઅસ્તિવિનું શિક્ષણ
- શાંતિ માટેનું શિક્ષણ એટલે ળાવઇ અનદ લઇત લાવઇ નહિ પરંતુ ળાવઇ તદ્વ લઇત લાવઇ નું શિક્ષણ

ટુંકમાં કહેવુ હોય તો શાંતિ માટેનું શિક્ષણ એટલે માનવના માટેનું, સહઅસ્તિત્વ માટેનુ, સર્વધર્મ સમભાવનું, વિશ્વૈકીય, વિશ્વબંધુત્વ અને વિશ્વ નાગરિકતા માટેનું શિક્ષણ.

**શાંતિ માટેનાં શિક્ષણનુ મહત્વ :-**

શાંતિ માટેની કેળવણી એ માનવના અસ્તિત્વની ખોજ છે. તેની આધ્યાત્મિક યાત્રા છે. માનવ જાતિના અસ્તિત્વ સામે જે પડકારો ઉભા થયા છે તે પડકારોને પહોંચી વળવા માટેની કિલ્લેબંધી એટલે શાંતિ માટેનું શિક્ષણ. શાંતિ માટેના શિક્ષણનું મહત્વ કે જરૂરિયાત નીચેના કેટલાક મુદ્દાઓ પરથી ફલિત થઈ શકે.

૧. શાંતિ મટેની કેળવણી માનવીની અતિ મહત્વકાંક્ષાઓને દૂર કરી અહંકારને ઓગળવાની મહત્વની પ્રક્રિયા છે.
૨. વિશ્વને ત્રીજાવિશ્વયુધ્ધની અગન જવાળાઓમાંથી બચવા શાંતિ માટેની કેળવણી અનિવાર્ય છે.
૩. માનવીના પોતાના પૂર્વગ્રહો, ધિક્કારની ભાવના અને નફરતની લાગણી દૂર કરવા માટે શાંતિ માટેની કેળવણી આવશ્યક છે.
૪. વિશ્વબંધુત્વ, ભાતૃભાવ, સંપ અને સહકારની ભાવનાને મૂર્ત કરીને વિવિધ પ્રજાઓ વચ્ચે ચણાયેલી ધર્મની ,કોમની ,જાતિની, વર્ગની દિવાલો દૂર કરવા માટે શાંતિના શિક્ષણની આવશ્યકતા છે.
૫. વિશ્વની પ્રજાઓ વચ્ચે સર્વધર્મ સમભાવ, સ્વતંત્રતા, નિર્ભયતા, સમાનતા વગેરે મૂલ્યોના સંરક્ષણ અને સંર્વધન માટે શાંતિની કેળવણી જરૂરી છે.
૬. વિશ્વના દરેક દેશો એકબીજા પર પરાવલંબી છે તેથી દરેક દેશોની પોતાની આવશ્યકતાઓની પૂર્તિ માટે શાંતિના શિક્ષણની આવશ્યકતા છે.
૭. વિશ્વની મહાનતમ સંસ્કૃતિઓના સંરક્ષણ અને સંર્વધન માટે શાંતિના શિક્ષણની જરૂરિયાત છે.
૮. વિશ્વ વસુધૈવ કુટુમ્બકમની ભાવનાને સાકાર કરવા શાંતિના શિક્ષણની જરૂરિયાત છે.
૯. વેરઝેર, ઝનૂન, દુશ્મનાવટ, બદલો વગેરે જેવા અસંસ્કારિતાથી નાના બાળકોને દૂર રાખવા તેમના અભ્યાસકાળ દરમ્યાન શાંતિનું શિક્ષણ રાખવામાં આવે તો તે અત્યંત જરૂરી છે.

ના મુદાઓ પરથી મળી શકશે.

## શાંતિના શિક્ષણમાં ફાળો :-

### ૧. ઘર કુટુંબનો ફાળો :-

શાંતિના શિક્ષણનો જો પ્રારંભ કરવો હોય તો તેની શરૂઆત પ્રથમ ઘરથી જ થવી જાઈએ. વિશ્વનો દરેક નાગરિક નાનપણમાં પોતાના ઘરમાંથી શિક્ષણ પામતો હોય છે. તેથી નાનપણમા ંજ બાળકનાં કુમળા મગજ પર અહિંસાના બીજ રોપાય તેવા પ્રયત્નો કુટુંબના સભ્યો દ્વારા થવા જોઈએ. બાળક જો નાનપણમાં ઘરમાં શાંતિની અનુભૂતિ કરતો થાય તો ઉંમર વધતા શાંતિની ઝંખના રાખતો થાય. તેથી ઘરના દરેક સભ્યે એ જાણી લેવું જોઈએ કે જો કુટુંબમાં શાંતિ જો ન સ્થપાય તો તેની અસર સમાજ, દેશ અને વિશ્વમાં જોવા મળશે. આથી શાંતિના શિક્ષણનો પાયો બાળકના કુટુંબમાંથી રચાતો હોય છે.

### ૨. શાળા- કોલેજોનો ફાળો :-

વિશ્વ શાંતિ જાળવવા માટેનુ વિધિવત એટલે કે ઔપચારીક શિક્ષણ આપવાનું ભગીરથ કાર્ય દરેક શાળા અને કોલેજોએ કરવાનું છે. કારણ કે દરેક વ્યકિતનું વ્યકિતત્વ શાળા કે કોલેજોમાં ખીલતું હોય છે. વિવેક, નમ્રતા, સદાચાર,ભાઈચારો, સર્વધર્મ સમભાવ વગેરે સદગુણોનું સિંચન શાળા કે કોલેજોમાં દરેક દેશનાં ભાવિ નાગરિકોમાં થતું હોય છે. શાળા-કોલેજોએ એવા વ્યકિતઓનું નિર્માણ કરવું જોઈએ કે તેઓની પ્રવૃતિ હંમેશા લોકોને માટે હિતકારી જ હોય.

### ૩. સમાજનું પ્રદાન :-

વિશ્વની દરેક વ્યકિત કોઈકને કાઈક સમાજનો એક ભાગ હોય છે. માનવી ઘરમાંથી અને શાળામાંથી બહાર નીકળી સમાજનુ એક અભિન્ન અંગ બનીને રહેવુ હોય છે. સમાજની અંદર શાંતિ સ્થાપવા માટે સમાજના અગ્રણીઓ કે સમાજ સુધારકો કે સમાજ સેવકોએ ખુબ જ ગંભીરતા પૂર્વક પ્રયત્નો કરવા પડશે. કારણ કે આજે સમાજની અંદર ખુબ જ ઓછી શાંતિ જોવા મળે છે. સમાજના આગેવાનોએ આગળ આવી સમાંજમા થતા ઝઘડાઓ કે કૌટુંબિક ઝઘડાઓ વગેરેનો શાંતિપૂર્વક ઉકેલ મેળવવો પડશે. કારણ કે દેશ એ સમાજનો બનેલો છે સમાજની અંદર જો અશાંતિ ફેલાય તો દેશની અંદર અશાંતિ ફેલાય અને તે વૈશ્વિક બનતી હોય છે.

### ૪. સરકારનું પ્રદાન :-

કોઈ પણ દેશની શાંતિ જાળવા માટેનુ કાયદાકીય કાર્ય જે તે સરકારનું હોય છે. કોઈ પણ દેશમાં સરકારના બે પક્ષો હોય છે એક શાસકપક્ષ અને બીજો શાસન કરવા ઈચ્છતો હોય પરંતુ શાસન કરી શકયો ન હોય તે પક્ષ (એટલે કે જેને ચુંટણીમાં બહુમતી મળી હોય તે શાસનપક્ષ અને જે પક્ષ બહુમતી ન મળી હોય તે પક્ષ ) વિશ્વના દરેક દેશમા શાંતિ માટે આ બંન્ને પક્ષોએ સમજૂતી કેળવવી પડશે. તેથી સરકારે જયારે પણ દેશમાં અશાંતિ ફેલાય ત્યારે સખત કાયદાકીય પગલા દ્વારા શાંતિ સ્થાપવાના પ્રયત્નો આદરવા પડશે. વળી પડોશી દેશો સાથેના સબંધો પણ સુમેળભર્યા રચવા પડશે.

### ૫. ધર્મગુરુઓનું પ્રદાન :-

વિશ્વમાં આજે જે અશાંતિ ફેલાય તેમાં અનેક કારણો છે જેવા કે આર્થિક સંકડામણ, સર્વોપરીતા, મહાસતા, કોમવાદ અને ધર્મયુધ્ધ. આજનો માનવી ધર્મને સાચી રીતે સમજી શકયો નથી, પરિણામ સ્વરૂપ વિવિધ ધર્મના ઝઘડાઆને કારણે વિશ્વમાં અશાંતિ ફેલાય છે. આમાં મહત્વની ભૂમિકા જો કોઈ ભજવી શકે તેમ હોય તો તે ધર્મગુરુઓ. દરેક ધર્મની અંદર આજે પણ ધર્મગુરુઓનુ સ્થાન સર્વોચ્ચ છે. તેથી દરેક ધર્મગુરુઓએ ધર્મની સાચી વિભાવના સમજાવી કોઈ પણ ધર્મ એકબીજાથી ચઢીયાતો કે ઉતરતો નથી તેવા ખ્યાલો સ્પષ્ટ કરવા જોઈએ. વિશ્વમા શાંતિ સ્થાપવા ધર્મગુરુઓ જેટલો મહત્વનો ભાગ ભજવી શકે એટલો મહત્વનો ભાગ બીજો કોઈ ન બજવી શકે. તાજેતરમાં જ આ માટે શ્રી મોરારીબાપૂ દ્વારા દરેક ધર્મના ધર્મગુરુઓની એક સભાનું આયોજન કર્યુ હતુ. જેનો મુખ્ય ઉદેશ વિશ્વની અંદર શાંતિ સ્થાપવાનો જ હતો.

### ૬. વૈજ્ઞાનિકોનું પ્રદાન :-

લીઓ ઝાલોર્દ કે જેમણે અણુશકિતની શોધ કરી હતી. તેમણે હીરોશીમાં અને નાગાસાકી પર ંબોમ્બ માર્યા પછી કહયુ હતુ કે ભયાનક બોમ્બ બનાવીને હુ ડહાપણ ખરીદનારાઓની શોધમાં જીવનભર પસ્તાયો છુ. વૈજ્ઞાનિકોએ જે માનવ કલ્યાણ માટે અદ્વિતીય ખોજ કરી તેના માટે આજે તેમના માટે ખુબ જ પસ્તાવો થઈ રહયો છે. કારણ કે તેમને પોતાની શોધના

દુષ્પરિણામો જાણી લીધા છે. તેથી આજના વૈક્ષાનિકો એવા પ્રેયત્નો આદરવા જોઈએ કે દુનિયાના વિનાશકમાં વિનાશક શસ્ત્રોનો નાશ કેવી રીતે કરી શકાય તેવી શોધખોળો કરવી જોઈએ. વૈજ્ઞાનિકોએ પોતે કરેલ આવીસ્કારો હિંસક વ્યકિતઓના હાથમાં ન જાય તેની પૂરતી કાળજી લેવી જોઈએ.

### ૭. વિવિધ સંસ્થાઓનું પ્રદાન :-

વિવિધ સંસ્થાઓ જેવી કે સયુંકત રાષ્ટ્ર સંઘ , યુનિસેફ, વગેરે જે વિશ્વ કક્ષાએ કાર્ય કરતી હોય તે અને વિવિધ દેશોમાં કે રાજયોમાં કામ કરતી હોય તેવી સંસ્થાઓ પણ વિશ્વની શાંતિ માટે પોતાના પ્રયત્નો આદરવા પડશે. દરેક દેશમાં સમાજની કલ્યાણકારી પ્રવૃતિઓ માટે વિવિધ સંસ્થાઓ કે પરિષદો હોય છે. વિવિધ શાંતિ માટેના જવાબદાર પરિબળોને નાથવા એકબીજા સાથે સંયોજન સાથી સમાજ કલ્યાણની સાથે વિશ્વકલ્યાણની ભાવના વિકસાવવી જોઈએ. સયુંકત રાષ્ટ્ર સંઘે આજે જે દેશો અશાંતિ ફેલાવાના પ્રયત્તનો કરી રહયા છે. તેની સામે સખત કાયદાકીય પગલાઓ લેવા જોઈએ.

### ૮. સમૂહ માધ્યમાનો ફાળો :-

વિશ્વની અંદર શાંતિ ફેલાવવા માટે જો કોઈ અસરકારક અને મહત્વની ભૂમિકા અદા કરી શકે તો તે છે સમૂહમાધ્યમો. સમૂહમાધ્યમો જેવા કે ટેલિવિઝન,રેડિયો, ઈન્ટરનેટ, ચલચિત્રો, પુસ્તકો, સામાયિકો, વર્તમાનપત્રો વગેરે. શાંતિ જાળવણીમાં આ દરેક માધ્યમોની ભૂમિકા ખૂબ જ મહત્વની બની રહેતી હોય છે. તેથી આવા માધ્યમોનો ખૂબ જ વિવેક પૂર્વક અને બુધ્ધિ પૂર્વક ઉપયોગ કરી વિશ્વની અંદર શાંતિના પાઠો ભણાવી શકાય છે. ચલચિત્રો કે ટેલિવિઝન પર જે હિંસાના દ્રશ્યો જોવા મળે છે તેમાં વિષેષ ઘ્યાન સરકારે કે લાગતા વળગતાઓએ આપવુ જ રહયું વળી વર્તમાનપત્રો , પુસ્તકો કે સામાયિકો દ્વારા પણ ભૂતકાળમાં થયેલ હિંસાના દુષ્પરિણામોના દર્શન કરાવી શાંતિનું શિક્ષણ પૂરુ પાડવું જોઈએ.

### ૯. કલાકારોનું પ્રદાન :-

દરેક દેશોમાં અનેક પ્રકારના કલાકારો ફિલ્મી કલાકારો, જાદુગરો, સરઘસના કલાકારો, ચિત્રકારો, સંગીતકારો વગેરે અનેક પ્રકારની કલાઓનાં પ્રદર્શન દ્વારા મનોરંજન પુરા પાડતા હોય છે. સમાજનો દરેક માનવી આવા કલાકારોથી પ્રભાવિત થતો રહયો છે. તેથી કલાકારો પોતાની કલા દ્વારા જો વિશ્વમાં શાંતિ સ્થાપવાનો પ્રયત્ન કરે તો તેની વિધેયાત્મક અસરો જોવા મળી રહેશે.

### ૧૦.રમતવીરોનુ પ્રદાન :-

કલાકારોની જેમ જ વિશ્વની અંદર વિવિધ રમતોમાં પારંગત એવા રમતવીરો(ખેલાડીઓ) હોય છે જેનાથી પણ વિશ્વની વસ્તીના મોટા ભાગની વ્યકિતઓ પ્રભાવિત થતી હોય છે તેથી વિશ્વના રમતવીરોએ પણ પોતાની રમતો દ્વારા લોકમાનસમાં શાંતિના વિચારો રોપવા જોઈએ.

### ૧૧.નાગરિકોનું પ્રદાન :-

વિશ્વની અંદર જે અશાંતિ ફેલાય છે તે નાગરિકો વચ્ચે જ મોટે ભાગે જોવા મળતી હોય છે. વિશ્વની અશાંતિ માટેના કારણો ગમે તે હોય પણ તેની સૌથી ખરાબ અસર સામાન્ય નાગરિકો પર જ થતી હોય. આથી દેશની અંદર રહેતા દરેક નાગરિકે કોઈપણ પ્રકારની સામૂહિક હિંસક પ્રવૃતિઓથી દૂર રહેવુ જોઈએ. કારણ કે તેનો ભોગ તે જ બનતો હોય છે. તેથી જયારે પણ વિશ્વમાં કે, દેશમાં કે સમાજમાં સંવેદનશીલ પરિસ્થિતિ સર્જાય ત્યારે શાંતિ જાળવવું કામ દેશની કે સમાજની પ્રજાનું હોય છે. આથી વિશ્વમાં જો શાંતિ સ્થાપવી હોય તો તેની સૌથી મોટી જવાબદારી જે તે દેશનાં નાગરિકોની બની રહેતી હોય છે.

## સમાપન

આમ ઉપરોકત ચર્ચાના અંતે એટલુ જરૂર કહી શકાય કે વિશ્વની અંદર શાંતિ માટે જાળવા માટેની જવાબદારી કોઈ એક જાતિ,વર્ગ, કોમ, ધર્મ, સમાજ કે દેશની નથી પરંતુ પૃથ્વી પર રહેલ દરેક માનવીની છે. તે જ રીતે શાંતિ માટેના શિક્ષણની

જવાબદારી તે માત્ર શાળા કે કોલેજો પૂરતી ન રહેતા દરેકે દરેક ની છે. આ જવાબદારી દરેક વ્યકિત નિભાવે તો આવનારા ભવિષ્યમાં શાંતિ સ્થપાય તેવા સંજોગો સ્થાપી શકાય.

**સંદર્ભસુચિ :-**


- **દવે, જે.કે (૨૦૦૧). *વિકસતા ભારતમાં શિક્ષણ અને શિક્ષક.* અમદાવાદ : બી.એસ.શાહ પ્રકાશન**
- **દેસાઈ એચ.જી (૧૯૯૯). *સંશોધન અહેવાલ. રાજકોટ* : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.**
- **પટેલ જે .ડી (૨૦૦૪) *વિકાસમાંન ભારતીય સમાજમાં શિક્ષણ* : નિરવ પ્રકાશન અમદાવાદ .**